# તમારી જાતને અને તમારા સોનાને આ રીતે સલામત રાખો

**નીચે આપેલી સલાહનું અનુસરણ કરીને તમે કોઈ ગુનેગાર તમારા ઘરને પોતાનું લક્ષ્ય બનાવે તેને અટકાવી શકો છો:**

- ધાર્મિક ઉત્સવો અને તહેવારો દરમિયાન તમારા ઘરની બહાર શણગારવાનું ટાળવાનો પ્રયત્ન કરો. પ્રતીકો,ઝંડાઓ અથવા ચિહ્નો, એ બધાં ગુનેગારોને સૂચવી શકે છે કે કયાં ઘરોમાં સોનું હોવાની સંભાવના હોઈ શકે. તમારી કાર ઉપર પણ ધાર્મિક પ્રતીકો પ્રદર્શિત કરતાં પહેલાં વિચાર કરજો
- ઘરના આગલા અને પાછલા દરવાજાને હંમેશાં તાળું લગાવી રાખશો – પછી ભલે તમે ઘરમાં જ હો
- જો હવા અંદર આવે તે માટે બારીઓ ખોલો, તો નિશ્ચિતપણે તમે એ ઓરડી છોડો તે પહેલાં તેમને બંધ કરજો
- ચાવીઓ અને બીજી મૂલ્યવાન વસ્તુઓને કેટ ફ્લેપ્સ, લેટરબોક્સિસ અને નીચેના દરવાજાઓ અને બારીઓથી છેટે અને નજરથી દૂર રાખજો
- જો તમે અંધારું થઈ જાય તે પછી બહાર જવાના હો તો એક બત્તી ચાલુ રાખજો અથવા તો એક ટાઈમર સ્વિચનો ઉપયોગ કરજો
- એક માન્ય પ્રકારના હાઉસ એલાર્મમાં નાણા રોકો; ચોરોને અટકાવવાનો આ ખરેખર એક સારો ઉપાય છે
- જ્યારે તમે બહારગામ જવાના હો તો નિશ્ચિત કરજો કે એમ લાગે કે ઘરમાં કોઈ છે, ટપાલ બંધ કરીને અથવા રીડાયરેક્ટ કરીને અને બીજી ડિલિવરીઓને રદ કરીને. કોઈ મિત્ર અથવા વિશ્વાસુ વ્યક્તિ સાથે ગોઠવણ કરજો કે તે તમારી ટપાલ એકઠી કરે, તમારા ઘર ઉપર નજર રાખે અને યોગ્ય સમયે પડદાં ખોલે અને બંધ કરે
- દરવાજા સામે ઊભેલી વ્યક્તિ શું એમ કહે છે કે તે પોલીસ/વોટરબોર્ડ/યુટિલિટી કંપનીમાંથી છે? તે પોતાની ઓળખને દસ્તાવેજ બતાડીને પુરવાર ન કરે ત્યાં સુધી તેને તમારા ઘરમાં દાખલ થવા ન દેશો. જો તમને ચોક્કસ ખાતરી ન હોય, તો દરવાજો બંધ કરીને પોલીસ અથવા તે જે કંપનીની વ્યક્તિ હોવાનો દાવો કરતી હોય તેને કોલ કરો જેથી તેની ઓળખ પુરવાર થાય. તે જે ફોન નંબર આપે તેનો ઉપયોગ ન કરશો અથવા તો કોલ કરવા તેણે આપેલો ફોનનો ઉપયોગ ન કરશો. તમને જો ખાતરી ન હોય, તો દરવાજો ખોલતા નહીં.
- તમારા સ્થાનિક નેબરહૂડ વોચ સ્કીમમાં જોડાવા વિષે વિચાર કરજો. જો ત્યાં એવી સ્થાનિક યોજના ન હોય, તો તમે શા માટે તમારી પોતાની યોજના ન ઘડો?
- નોર્થેમ્પટન નેબરહૂડ એલર્ટમાં સાઈન અપ કરી જોડાઈ જાઓ જેથી તમારા વિસ્તારમાં ગુના અને પોલીસિંગ બાબત તમને નિયમિતપણે માહિતી મળતી રહે
- તમારા વિસ્તારમાં શંકાજનક વાહનો અથવા શંકાજનક પ્રવૃત્તિઓની નોંધ કરાવો પોલીસને **101** નંબર ઉપર અથવા અનામીપણે ક્રાઈમસ્ટોપર્સને **0800 555111** નંબર ઉપર કોલ કરો. સંકટ સમયે **999** કોલ કરો.

સંકટ સમયે **999** કોલ કરો

સંકટ સમયે **999** કોલ કરો

જો સંકટ સમય ન હોય તો **101** કોલ કરો

**www.northants.police.uk** વિઝિટ કરો

Twitter @northantspolice ઉપર અમને ફોલો કરો

Facebook.com/northantspolice ઉપર અમારી સાથે જોડાઓ



© 2018 Northamptonshire Police Design & Print Gold March 2018 Gujarati

**સોના અને ઝવેરાતની ચોરીઓ અમુક સંખ્યામાં થઈ છે. જો તમારી પાસે ઊંચી કિંમતના સોના અને ઝવેરાતના દાગીના હોય તો તેમને ચોરીથી સુરક્ષિત રાખવા અને તમારી જાતને ગુનાના ભોગ બનતા અટકાવવા માટે અહીં અમુક ભલામણો છે:**

- અમે ભલામણ કરીએ છીએ કે તમે તમારા સોના અને ઝવેરાતને તમારા ઘરમાંથી કાઢી નાખો જેથી તે અને તમારો પરિવાર સુરક્ષિત રહે. આ કાઉન્ટિમાં સેફટિ બોક્ષની સગવડ વધુ સહેલાઈથી ઉપલબ્ધ થાય એટલા માટે પોલીસ ઓફિસરો નોર્થમ્પટનશાયરમાં આર્થિક સંસ્થાઓ સાથે કામ કરી રહ્યા છે. અત્યાર પૂરતું, મિલ્ટન કીન્સમાં મેટ્રો બેન્ક એ સેફ્ટિ ડિપોઝિટ બોક્ષની સગવડો માટેનું સૌથી નજીકનું સ્થળ છે. આવી બીજી યોજનાઓ લેસ્ટર, બર્મિંગહામ અને લંડનમાં પણ ઉપલબ્ધ છે.
- તમારા મૂલ્યવાન સોના અને ઝવેરાત વિષે ઘરની બહાર વાત ન કરશો અને લોકોને જણાવશો નહીં કે તમારી પાસે તે છે.



- સામાજિક માધ્યમો ઉપર લગ્નો, તહેવારો કે ઉત્સવોની જાહેરાત કરવાનું ટાળો – ગુનેગારો કદાચ તમારી જાહેરાત જૂએ અને પછી ગણતરી કરી શકે કે તમે કયા સમયે ઘરમાં નહીં હો, અથવા તો તમારા ફોટા જોઈને તમારા મૂલ્યવાન સોનાના ઘરણાંને ઓળખી શકે. તમારા ખાનગી સેટિંગ્ઝને સુરક્ષિતતાથી જાળવો જેથી તમને જાણીતી વ્યક્તિઓ જ તમારી પ્રોફાઈલ, પોસ્ટ્સ અને ફોટાને જોઈ શકે.
- જ્યારે કોઈ પ્રસંગે કોઈ સ્થળે જાઓ, તો ત્યાં પહોંચ્યા બાદ જ ઘરેણાં પહેરવા બાબત વિચાર કરો, અને ત્યાંથી નીકળતાં પહેલાં તેમને કાઢી નાખો. ઉજવણીઓમાં જવા માટે ગ્રુપમાં મુસાફરી કરો, અને જ્યાં સારી બત્તીઓ હોય એવા જ રસ્તાનો ઉપયોગ કરો. જો તમે ટેક્ષીનો ઉપયોગ કરો તો ખાતરી કરો કે તે લાયસંસવાળી અને જાણીતી કંપનીની છે.

- નિશ્ચિત કરજો કે તમારાં ઘરેણાં ઉપર યોગ્ય સિક્યોરિટી પ્રોડક્ટ માર્ક કરેલી હોય જેવી કે SmartWater® અને તેને તમારી મિલ્કતને વિના મૂલ્યે **www.immobilise.com** ઉપર રજિસ્ટર કરાવી દેજો. ટ્રેસેબલ લિક્વિડ્ઝ વિષે **www.securedbydesign.com** ઉપર માહિતી મેળવો.

તમારી વસ્તુઓ ઉપર લેઝરથી તમારું નામ કોતરાવવા વિષે પણ વિચાર કરી જૂઓ.

- દરેક કિંમતી સોનાની વસ્તુ અથવા ઝવેરાતનો ફોટો પાડો અને તેનું લેખિત વર્ણન રાખો – અને જો તે કદી ચોરાય તો આનાથી માહિતીની વિનંતી કરવામાં અને તેને તમને પરત કરવામાં આ મદદરૂપ બનશે.
- કોઈ ગુનેગારની ઘરમાં દાખલ થવાની યુક્તિમાં ફસાતા નહીં. આવનાર વ્યક્તિને બારણું ખોલતાં પહેલાં હંમેશાં તપાસજો અને, જો તમને ખાતરી ન હોય, તો દરવાજો ખોલતા નહીં

**તમારી જાતને અને તમારા સોનાને સુરક્ષિત રાખવા બાબત www.northants.police.uk/gold વિઝિટ કરીને વધુ જાણકારી મેળવો.**

**તમારા પડોશમાં કોઈ શંકાજનક વર્તણૂક હોય તો 101 નંબરે પોલીસને કોલ કરીને નોંધાવો. કટોકટીના સમયે, 999 ડાયલ કરો.**

**તમારી પાસે ગુનેગારો કે ગુનાઓ વિષે કોઈ પણ માહિતી હોય, તો પોલીસને 101 કોલ કરો અથવા અનામીપણે ક્રાઈમસ્ટોપર્સને 0800 555 111 નંબરે કોલ કરો.**

**ગુનાઓ અટકાવવા વધુ સલાહ માટે www.northants.police.uk/crime-prevention ની વિઝિટ કરો.**

**ખાનગી સહાયક સેવાઓની માહિતી માટે કૃપા કરી www.voicenorthants.org વિઝિટ કરો.**